MSUમાં વિકસિત ભારત યુવા સંસદની જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ

યુવાનોમાં લોકશાહી પ્રક્રિયા પ્રત્યે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરાયો

રાજ્ય કક્ષાના વિજેતાઓને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે

। વડોદરા ।

એમ.એસ.યુનિ.ની ફેકલ્ટી ઓફ કોમર્સ ખાતે ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય તથા કોમર્સ ફેકલ્ટી (NSS)ના સહયોગથી એમ. કોમ. બિલ્ડિંગ સ્થિત દીપ ઓડિટોરિયમ ખાતે વિકસિત ભારત યુવા સંસદ - જિલ્લા કક્ષાની સ્પર્ધા ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન યુવા પ્રતિભાગીઓએ એક રાષ્ટ્ર, એક ચૂંટણીના ખ્યાલ, તેની સંભાવનાઓ, પડકારો અને ભારતીય લોકશાહી વ્યવસ્થા પર તેની અસરો અંગે ઉત્કૃષ્ટ વિચારો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી જીવંત ચર્ચાઓ અને વિચારપ્રેરક દલીલોએ લોકશાહી પ્રત્યેની સમજ, વૈચારિક પરિપક્વતા, આત્મવિશ્વાસ અને વક્તૃત્વ કૌશલ્યનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં પહેલા નંબરે શિવિકા ભારતીય, દ્વિતીય સ્થાને દેવિકા પાઠક અને ત્રીજા સ્થાને રાધિકા ગવાંડ વિજેતા બની હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં લોકશાહી પ્રક્રિયા પ્રત્યે જાગૃતિ કેળવવાનો, રાષ્ટ્રીય મુદ્દાઓ અંગે વિચારશક્તિ વિકસાવવાનો તથા દેશના વિકાસમાં યુવાનોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. આ સ્પર્ધા યુવાનોને પોતાના વિચારો વ્યક્ત કરવા અને જવાબદાર નાગરિક તરીકે પોતાની ભૂમિકા સમજવા માટે એક ઉત્તમ મંચ પૂરું પાડે છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઓફ કોમર્સના ડીન પ્રો. પ્રજ્ઞેશ શાહના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાની વિકસિત ભારત યુવા સંસદમાં ભાગ લેવાની તક મળશે. રાજ્ય કક્ષાના વિજેતાઓને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ મળશે. નોંધનીય છે કે, કાર્યક્રમ દ્વારા યુવાનોમાં રાષ્ટ્રનિર્માણ, લોકશાહી મૂલ્યો અને જવાબદાર નાગરિકત્વની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.